એડિનબર્ગના પ્રસિદ્ધ 'આર્થર્સ સીટ' પહાડ પર ભીષણ આગ

બ્રિટનમાં 'ફાયરવેવ' બાદ વધુ 24 લાખ લોકો પર હોઝપાઇપથી પાણી વાપરવા પર પ્રતિબંધ

છેલ્લા બે અઠવાડિયામાં દેશભરમાંથી 250થી વધુ વાઇલ્ડફાયર સહિતની આગની ઘટના સામે આવી

એડિનબર્ગ, તા.20 : બ્રિટનમાં સતત વધી રહેલી 'ફાયરવેવ' વચ્ચે ફાયર બ્રિગેડના કર્મચારીઓ એડિનબર્ગમાં આવેલા 'આર્થર્સ સીટ' પહાડ પર લાગેલી ભીષણ આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે. સુકા હવામાનને કારણે છેલ્લા બે અઠવાડિયામાં દેશભરમાં 250 થી વધુ વાઇલ્ડફાયરઅને ઘાસમાં આગ લાગવાની ઘટનાઓ સામે આવી છે.

સ્કોટલેન્ડની રાજધાની એડિનબર્ગમાં શહેરની મધ્યમાં આવેલા જાણીતા નિષ્ક્રિય જ્વાળામુખી 'આર્થર્સ સીટ' પર રવિવારે સાંજે 6.38 વાગ્યે આગ લાગતા ફાયર બ્રિગેડની ઓછામાં ઓછી છ ગાડીઓ ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી. ઇમરજન્સી ટીમો આજે પણ સ્થળ પર તૈનાત છે અને સ્થાનિક લોકોને ઘરના બારી-બારણાં બંધ રાખવાની સલાહ આપવામાં આવી છે. આ પહાડીની આસપાસ આવેલા 'ક્વીન્સ ડ્રાઇવ' રોડને વાહનવ્યવહાર માટે બંધ કરી દેવાયો છે.

બીજી તરફ, પાણીની કટોકટી વધતા વધુ 24 લાખ લોકો પર હોઝપાઇપ વડે પાણી વાપરવા પર પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો છે.

એડિનબર્ગની વાત કરીએ તો, સવારના દૃશ્યોમાં પહાડનો મોટો ભાગ રાતોરાત બળીને ખાખ થઈ ગયેલો જોવા મળ્યો હતો, જ્યારે ફાયર ફાઇટરો હજુ પણ સળગી રહેલી ઝાડીઓ પર પાણી છાંટીને આગ સંપૂર્ણપણે ઓલવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

સ્કોટિશ ફાયર એન્ડ રેસ્ક્યૂ સર્વિસના જોન હેન્ડરસને બીબીસી રેડિયો સ્કોટલેન્ડને જણાવ્યું હતું કે ફાયર બ્રિગેડની ટીમ આગામી કેટલાક દિવસો સુધી સ્થળ પર તૈનાત રહેશે. તેમણે કહ્યું, "સ્થિતિ જોતા લાગે છે કે આગના હોટસ્પોટ્સને શાંત કરવા અને સ્થિતિ થાળે પાડવા માટે અમારે હજુ બે-એક દિવસ ત્યાં રહેવું પડશે."

'સાઉથ ઇસ્ટ વોટર' કંપનીએ જણાવ્યું છે કે આ શનિવારથી સસેક્સ, સરે, હેમ્પશાયર અને બર્કશાયરમાં રહેતા 24 લાખ ગ્રાહકો પર આ કામચલાઉ પ્રતિબંધ લાગુ થશે. જોકે, કંપનીએ ગ્રાહકોને અત્યારથી જ પાણીનો વપરાશ ઘટાડવા વિનંતી કરી છે અને બગીચામાં, કાર ધોવા, પેશિયો, બોટ કે સ્વિમિંગ પૂલ માટે હોઝપાઇપનો ઉપયોગ ન કરવા જણાવ્યું છે. આ પ્રતિબંધ અગાઉ માત્ર કેન્ટ વિસ્તારના ગ્રાહકો માટે જ લાગુ હતો.

કંપનીએ ખુલાસો કર્યો છે કે ઓછો વરસાદ, ભારે ગરમી અને પાણીની વધતી માંગને કારણે 'નદીઓના જળસ્તરમાં ઘટાડો' થયો છે અને ભૂગર્ભ જળ સ્ત્રોતોને બચાવવા માટે આ નિર્ણય લેવો પડ્યો છે.

પેજ 3

ધૂરંધર ફેમ સિંગર જેસ્મિન સેન્ડલસ સાથે લાઇવ શોમાં દુર્વ્યવહાર થયાના અહેવાલ

દહેરાદૂન, તા. 20 : ગાયિકા જાસ્મીન સેન્ડલાસે તાજેતરમાં દેહરાદૂન ખાતે પર્ફોર્મ કર્યું હતું અને લાઇવ કોન્સર્ટ દરમિયાન તેમને ટોળાએ અયોગ્ય રીતે સ્પર્શ કર્યો હોવાના અહેવાલ છે. 'ધુરંધર' સિંગર જેસ્મિનની મ્યુઝિકલ ટૂર આ દિવસોમાં સોશિયલ મીડિયા પર છવાયેલી છે. જેસ્મિને દિલ્હીમાં લાઇવ કોન્સર્ટમાં પોતાના મંગેતરની ફેન્સ સાથે મુલાકાત કરાવી. તો બીજી તરફ હવે દહેરાદૂન લાઇવ કોન્સર્ટથી જેસ્મિનનો એક વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે જે ખૂબ જ ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. વાયરલ વીડિયોમાં જેસ્મિન પોતાના ફેન્સથી ઘેરાયેલી જોવા મળી રહી છે. આ દરમિયાન એક શખ્સે ભીડનો ફાયદો ઉઠાવતા તેને અયોગ્ય રીતે સ્પર્શ કર્યો, જે ફેન્સને જરાય પસંદ નથી આવી રહ્યું અને તેઓ પોતાનો રોષ વ્યક્ત કરી રહ્યા છે.

સમય રૈનાએ 'લેટન્ટ'ના સ્પર્ધક માટે મોક ક્લિનિક ઊભું કરી NEETની મજાક ઉડાવી

મુંબઈ, તા. 20 : કોમેડિયન સમય રૈનાનો 'ઇન્ડિયાઝ ગોટ લેટન્ટ સીઝન 2' તાજેતરમાં ઓનલાઇન ચર્ચાનો વિષય બન્યો હતો, જ્યારે સ્પર્ધક અંકિત શર્માએ મંચ પર શીદ્દપતનની સમસ્યા વિશે ખુલ્લેઆમ વાત કરી હતી. ત્યાર બાદ રૈનાએ આ વાતચીતને એક મોક ક્લિનિકમાં ફેરવી દીધી હતી અને પ્રેક્ષકોમાંથી એક ડોક્ટરને સ્ટેજ પર બોલાવ્યા હતા. આ એક્ટ દરમિયાન ભૂલથી ખોટો શબ્દ બોલાઈ ગયા પછી, તેમણે 2026ના નીટ-યુજી પેપર લીક પર એક જોક કહ્યો હતો. આ પ્રસંગે પેનલ અને પ્રેક્ષકો બંને તરફથી પ્રતિક્રિયાઓ જોવા મળી હતી. આ જ એપિસોડની બીજી એક ક્ષણ પણ વાયરલ થઈ હતી જ્યારે સ્પર્ધક સાક્ષી ઝાની પુરુષો વિશેની ટિપ્પણીઓને કારણે સોશિયલ મીડિયા પર ભારે વિરોધ શરૂ થયો હતો.

વધુ એક સૈનિકના મોત પછી અમેરિકાના ઇરાન પર નવા હુમલા:ઇરાનના વળતા હુમલા

ઇરાકમાં તૈનાત એક અમેરિકી સૈનિક ઇરાનના ડ્રોનના વિસ્ફોટમાં માર્યો ગયો

અમેરિકાએ હુમલાનો નવો દોર શરૂ કર્યો, તબરેઝ શહેરમાં એક ઇરાની નાગરિકનું મોત

ઇરાને વળતા પ્રહારમાં ગલ્ફના અમેરિકી સહયોગી દેશોને નિશાન બનાવ્યા

હોર્મુઝના અખાતમાં ઓમાન નજીક એક જહાજ સળગી ગયું, જો કે કોઇ જાનહાનિ નહીં



દુબઈ, તા. ૨૦(એપી): વધુ એક અમેરિકી સૈનિકના મોતની જાહેરાત કર્યા બાદ, અમેરિકાએ સોમવારે વહેલી સવારે ઈરાન પર એરસ્ટ્રાઈકનો નવો તબક્કો શરૂ કર્યો હતો. આ હુમલાઓ ઉત્તર-પશ્ચિમના એક એવા શહેરની આસપાસ કરવામાં આવ્યા હતા, જ્યાં ભૂગર્ભ મિસાઈલ બેઝ હોવાનું માનવામાં આવે છે.

ઈરાને પણ વળતો જવાબ આપતા બહરીન(જે અમેરિકી નેવીના પમા કાફલાનું મથક છે) અને કુવૈતને નિશાન બનાવીને હુમલો કર્યો હતો. તાજેતરના હુમલાઓએ ફરી એકવાર દર્શાવ્યું છે કે કેવી રીતે અમેરિકા અને ઈરાન સંપૂર્ણ યુદ્ધ તરફ આગળ વધી રહ્યા છે. લડાઈનો કાયમી અંત લાવવા માટે ગયા મહિને થયેલો વચગાળાનો કરાર નિષ્ફળ ગયો છે અને હોર્મુઝની સામુદ્રધુનીમાં જહાજોની અવરજવર મોટાપાયે અટકી ગઈ છે.

બંને પક્ષોએ લાખો લોકો દ્વારા ઉપયોગમાં લેવાતા નાગરિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવ્યા છે. અમેરિકી લશ્કરે જણાવ્યું હતું કે શનિવારે ઈરાકમાં એક તોડી પાડવામાં આવેલા ઈરાની ડ્રોનના નિયંત્રિત વિસ્ફોટ દરમિયાન સૈનિકનું મોત થયું હતું. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે, "અમે આજે રાત્રે તેમના પર ફરીથી ખૂબ જ સખત હુમલો કર્યો છે." તેમણે ઉમેર્યું હતું કે, "અને અમે માર્યા ગયેલા સૈનિકોના સન્માનમાં આ કર્યું છે. યુએસ મિલિટરીના સેન્ટ્રલ કમાન્ડે સોમવારે વહેલી સવારે નવા તબક્કાના હુમલાની જાહેરાત કરી હતી, જે હવે સતત નવમી રાત્રે પણ ચાલુ રહ્યા છે. સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે તેણે ઈરાની લશ્કરી કમાન્ડ સેન્ટરો, એર ડિફેન્સ અને કોસ્ટલ સર્વેલન્સ સાઈટ્સ, દરિયાઈ ક્ષમતાઓ, મિસાઈલ અને ડ્રોન લોંચ સાઈટ્સ તથા કમ્યુનિકેશન નેટવર્ક્સને નિશાન બનાવ્યા હતા.

ઈરાનની સરકારી સમાચાર એજન્સી IRNA એ અહેવાલ આપ્યો છે કે અમેરિકી હુમલાઓમાં રાજધાની તહેરાનથી લગભગ ૫૫૨૦ કિમી દૂર આવેલા ઉત્તર-પશ્ચિમ શહેર તબ્રિઝની આસપાસ ઓછામાં ઓછું એક વ્યક્તિનું મોત થયું છે. માનવામાં આવે છે કે તબ્રિઝમાં ઈરાનની પેરામિલિટરી રિવોલ્યુશનરી ગાર્ડ દ્વારા સંચાલિત ભૂગર્ભ મિસાઈલ બેઝ આવેલા છે. હુમલા શરૂ થતાંની સાથે જ, ઓમાનના દરિયાકાંઠા નજીક એક પ્રોજેક્ટાઈલ વાગ્યા બાદ સોમવારે વહેલી સવારે હોર્મુઝની સામુદ્રધુનીમાં એક જહાજમાં આગ લાગી ગઈ હોવાનું બ્રિટિશ સૈન્યના UKMTO સેન્ટરે જણાવ્યું હતું. UKMTO એ જણાવ્યું હતું કે ક્રૂ સભ્યોએ જહાજ છોડી દીધું હતું, જે કલાકો પછી પણ તણાઈ રહ્યું હતું અને સળગી રહ્યું હતું. ઓમાન આસપાસનો આ માર્ગ એવો છે જેના પરથી જહાજોને ઈરાનના નિયંત્રણથી બચવા માટે મુસાફરી કરવા અમેરિકી સૈન્ય દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે. રિવોલ્યુશનરી ગાર્ડે બાદમાં દાવો કર્યો હતો કે તે સામુદ્રધુનીમાં ટેન્કરોને નિશાન બનાવી રહ્યું હતું. તેહરાને મધ્ય પૂર્વમાં અમેરિકા-સહયોગી દેશો પર હુમલો કરીને વળતો પ્રહાર કર્યો છે.

યુક્રેને મોટા હુમલામાં મોસ્કો તરફ 400 ડ્રોન છોડ્યા

રશિયા દ્વારા કરાયેલા મિસાઇલ હુમલાના થોડા કલાકો બાદ યુક્રેન દ્વારા ડ્રોન હુમલા કરાયા

વિરોધ પ્રદર્શનોનો સામનો કરી રહેલા ઝેલેન્સ્કી સ્થાનિક રાજકીય સંકટ શાંત કરવા વાટાઘાટ યોજશે

મોસ્કો, તા. 20 (AP) : રશિયાની રાજધાની પરના પોતાના તાજેતરના મોટા હુમલામાં યુક્રેને મોસ્કો તરફ 400થી વધુ ડ્રોન છોડ્યા હોવાનું શહેરના મેયરે સોમવારે જણાવ્યું હતું.

આ હુમલો રશિયા દ્વારા કિવ અને અન્ય યુક્રેનિયન શહેરો પર બેલિસ્ટિક મિસાઇલો વડે કરવામાં આવેલા બોમ્બમારાના થોડા જ કલાકો બાદ થયો હતો. એકબીજા પર કરવામાં આવી રહેલા બદલાના પ્રહારોના આ અવિરત સિલસિલાએ મોસ્કોના 4 વર્ષથી પણ વધુ સમયથી ચાલી રહેલા પૂર્ણ-સ્તરના યુદ્ધને સમાપ્ત કરવાના સમજૂતીના ઉકેલની શક્યતાને દૂરની વાત બનાવી દીધી છે.

દરમિયાન, યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદોમિર ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે, તેઓ સ્થાનિક રાજકીય સંકટને શાંત કરવાનો પ્રયાસ કરતી વખતે સોમવારે મહત્ત્વપૂર્ણ વાટાઘાટો યોજશે. ગયા અઠવાડિયે સરકારમાં કરવામાં આવેલા ફેરબદલે યુદ્ધ કેવી રીતે લડવું તે મુદ્દે સૈન્યના પીઢ અનુભવીઓ અને યુવાન ઈનોવેટર્સ વચ્ચેના ઊંડા મતભેદને બહાર લાવી દીધા હતા.

ઝેલેન્સ્કીએ યુક્રેનિયનોને ખાતરી આપવી પડશે કે, સંરક્ષણ પ્રધાન તરીકે 35 વર્ષીય માઈખાઈલો ફેદોરોવને હટાવવા અને સશસ્ત્ર દળોના વડા તરીકે 60 વર્ષીય સોવિયેત-તાલીમ પામેલા જનરલ ઓલેક્ઝાન્ડર સિર્સ્કી પર વિશ્વાસ જાળવી રાખવાથી રશિયા સામેની લડાઈ પર કોઈ અસર નહીં પડે.

ઝેલેન્સ્કીના આ પગલાં બાદ ફેદોરોવના સમર્થનમાં અને સિર્સ્કીના વિરોધમાં દિવસો સુધી રસ્તાઓ પર વિરોધ પ્રદર્શનો થયાં હતાં.

મોસ્કોના મેયર સેર્ગેઈ સોબ્યાનિને જણાવ્યું હતું કે રવિવારની મોડી રાતથી સોમવારની વહેલી સવાર સુધીમાં 400થી વધુ યુક્રેનિયન ડ્રોન રશિયન રાજધાની તરફ મોકલવામાં આવ્યા હતા. જેમાં મોટા ભાગના ડ્રોનને શહેરથી દૂર જ તોડી પાડવામાં આવ્યા હતા અને 85 ડ્રોનને મોસ્કો નજીક અટકાવવામાં આવ્યા હતા.

બ્રિટનના નવા વડાપ્રધાન તરીકે એન્ડી બર્નહામે અખત્યાર સંભાળ્યો

કિર સ્ટારમરના રાજીનામા પછી કિંગ ચાર્લ્સે બર્નહામને સરકાર રચવા આમંત્રણ આપ્યું

ઉદઘાટન પ્રવચનમાં બર્નહામે લોક કલ્યાણના અભિગમનું વચન આપ્યું

લંડન, તા. 20(PTI): લેબર પાર્ટીના નવ-નિર્વાચિત નેતા એન્ડી બર્નહામે સોમવારે યુકેના નવા વડાપ્રધાન તરીકે પદભાર સંભાળ્યો છે. 10 ડાઉનિંગ સ્ટ્રીટ ખાતે પોતાના ઉદ્ઘાટન પ્રવચનમાં બર્નહામે જણાવ્યું હતું કે, તેઓ રાજકારણને સમસ્યાઓના ઉકેલ તરફ વધુ કેન્દ્રિત કરશે અને ખાતરી કરશે કે તેમની આ નિમણૂક દેશ માટે સર્કિટ બ્રેકર ક્ષણ સાબિત થાય. લેબર પાર્ટીના આ 56 વર્ષીય નેતાએ વડાપ્રધાન પદની પરંપરાથી અલગ હટીને પોતાના મોટાભાગના પુરોગામીઓ દ્વારા ઉપયોગમાં લેવાતા પરંપરાગત મંચ વગર જ પોતે નવા વડામથકેથી રાષ્ટ્રને સંબોધવાનું પસંદ કર્યું હતું.

નવા વડાપ્રધાન તરીકે પોતાના પ્રથમ સંબોધનમાં બર્નહામે કહ્યું, અમે આ ક્ષણને બ્રિટન માટે સર્કિટ-બ્રેકર બનાવીશું, જે છેલ્લા 40 વર્ષોમાં સૌથી મોટા ફેરફારો લાવશે; એક નવું રાજકીય મોડેલ અને નવું આર્થિક મોડેલ. તેમના પત્ની મેરી-ફ્રાન્સ વાન હીલ અને તેમના નજીકના સહયોગી બનવાની શક્યતા ધરાવતા પક્ષના અનેક સહકર્મીઓથી ઘેરાયેલા બર્નહામે સહયોગી અભિગમનું વચન આપ્યું હતું અને વધુ ઘરો બનાવીને બેઘરપણાનો અંત લાવવાને પોતાની પ્રાથમિકતાઓમાં વિશેષરૂપે રેખાંકિત કરી હતી.

કિંગ ચાર્લ્સ ત્રીજા સાથેની મુલાકાત બાદ બર્નહામે બ્રિટનના નવા વડાપ્રધાન તરીકે ઔપચારિક ચાર્જ સંભાળ્યો હતો. સત્તાના આ ઔપચારિક હસ્તાંતરણ માટે કીયર સ્ટારમરના રાજીનામાની થોડી જ ક્ષણો બાદ કિંગ ચાર્લ્સે ગ્રેટર માન્ચેસ્ટરના પૂર્વ મેયરને નવી સરકાર રચવા માટે આમંત્રણ આપ્યું હતું.

બકિંગહામ પેલેસના એક નિવેદનમાં જણાવાયું છે કે, નામદાર રાજાએ મુલાકાત દરમિયાન માનનીય એન્ડ્રુ બર્નહામને આવકાર્યા હતા અને તેમને નવી સરકારની રચના કરવા વિનંતી કરી હતી.

'રાજમાર્ગયાત્રા' એપથી હવે ઘરે બેઠા જ મળશે લોકલ ટોલ પાસ : NHAI

ટોલ પ્લાઝાના 20 કિમી વિસ્તારમા રહેતા લોકો હવે 'રાજમાર્ગયાત્રા' એપ દ્વારા લોકલ પાસ ખરીદી શકશે

આ પાસની મદદથી સ્થાનિક લોકો એક મહિના માટે ટોલ પ્લાઝા પરથી અમર્યાદિત મુસાફરી કરી શકશે

નવી દિલ્હી, તા. 20 (PTI) : નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા (NHAI) દ્વારા સોમવારે જણાવવામાં આવ્યું હતું કે, પાત્રતા ધરાવતા ટોલ પ્લાઝાના 20 કિલોમીટરના વ્યાપમાં રહેતા નાગરિકો હવે 'રાજમાર્ગયાત્રા' મોબાઇલ એપ દ્વારા ડિજિટલ રીતે લોકલ પાસ ખરીદી શકશે. આ પાસની મદદથી તેઓ તે ચોક્કસ ટોલ પ્લાઝા પરથી એક મહિના માટે અમર્યાદિત મુસાફરી કરી શકશે. અગાઉ, વાહનચાલકોએ પોતાની પાત્રતા સિદ્ધ કરવા માટે ટોલ પ્લાઝા પર રૂબરૂ જઈને જરૂરી દસ્તાવેજો જમા કરાવવા પડતા હતા. આ નવી ડિજિટલ વ્યવસ્થા હેઠળ, સમગ્ર પ્રક્રિયા હવે માત્ર થોડી જ મિનિટોમાં ઓનલાઇન પૂર્ણ કરી શકાશે. NHAI એ એક નિવેદનમાં જણાવ્યું કે, નવી શરૂ કરાયેલી 'લોકલ પાસ' સુવિધાને કારણે પાત્રતા ધરાવતા મુસાફરો ટોલ પ્લાઝાની મુલાકાત લીધા વિના જ રાજમાર્ગયાત્રા મોબાઇલ એપ દ્વારા ડિજિટલ ટોલ પાસ મેળવી શકશે.

ડિજિટલ લોકલ ટોલ પાસની આ પ્રથમ સુવિધા દિલ્હીના 'અર્બન એક્સ્ટેન્શન રોડ-II' (UER-II) પર આવેલા મુંડકા-બક્કરવાલા ટોલ પ્લાઝા ખાતે શરૂ કરવામાં આવી છે.

અને આગામી મહિનાઓમાં દેશભરના અન્ય ટોલ પ્લાઝા પર પણ તે લાગુ કરવામાં આવશે.

અહેવાલ મુજબ, આ પહેલ હેઠળ 'ડિજીલોકર' અને 'વાહન' જેવા સરકારી ડિજિટલ પ્લેટફોર્મ્સ સાથે સંમતિ-આધારિત જોડાણ કરવામાં આવ્યું છે, જેથી વાહનચાલકના સરનામા, વાહન નંબર અને લિંક કરેલા FASTag અંગેની ચકાસાયેલી વિગતો આપમેળે મેળવી શકાય.

GIS-આધારિત વેરિફિકેશન દ્વારા લોકલ પાસ માટેની યોગ્યતા નક્કી કરવામાં આવે છે, જેનાથી કાગળકામની જરૂરિયાત પૂરી થાય છે અને પારદર્શિતા તથા સચોટતા સાથે મુસાફરોની સુવિધામાં મોટો વધારો થાય છે.

NHAI દ્વારા 'માર્ગમિત્ર' હેલ્પ સેન્ટરની શરૂઆત

રાષ્ટ્રીય રાજમાર્ગના ઉપયોગકર્તાઓ માટે સેવાઓ વધુ બહેતર બનાવતા NHAI એ જણાવ્યું કે, તેમણે રાજમાર્ગયાત્રા એપમાં 'માર્ગમિત્ર' નામનું એક ઇન્ટેલિજન્ટ ડિજિટલ આસિસ્ટન્સ પ્લેટફોર્મ પણ શરૂ કર્યું છે. નેશનલ હાઇવેના મુસાફરો માટે સિંગલ-વિન્ડો તરીકે ડિઝાઇન કરાયેલું 'માર્ગમિત્ર', યુઝર્સને એક સરળ વાતચીત આધારિત ઇન્ટરફેસ દ્વારા માહિતી મેળવવા, સહાય શોધવા અને ફરિયાદ નોંધાવવાની સુવિધા આપે છે. ૨૨ ભારતીય ભાષાઓમાં સુવિધા: મુસાફરો પોતાની પૂછપરછ, પ્રતિસાદ (ફીડબેક) અથવા ફરિયાદો ૨૨ ભારતીય ભાષાઓમાંથી કોઈપણ ભાષામાં ટાઈપ કરીને કે બોલીને રજૂ કરી શકે છે. સિસ્ટમ તેમને યોગ્ય માહિતી આપશે અથવા સંબંધિત સેવામાં માર્ગદર્શન આપશે.

મહારાષ્ટ્રમાં સમૃદ્ધિ એક્સપ્રેસવે પર અકસ્માતમાં છના મોત

ઈથેનોલ લઈ જતાં કન્ટેનરે કારને ટક્કર મારતાં બન્ને વાહનોમાં આગ લાગી, ટ્રાફિક ખોરવાયો

વર્ધા (મહારાષ્ટ્ર), તા. 20 (PTI): મહારાષ્ટ્રના વર્ધા જિલ્લામાં સોમવારે વહેલી સવારે મુંબઈ-નાગપુર સમૃદ્ધિ એક્સપ્રેસવે પર એક ટ્રકે કારને ટક્કર મારતાં છ લોકોનાં મોત થયાં છે. એમ પોલીસે જણાવ્યું હતું. વિરુલ ગામ પાસે સવારે 3 વાગ્યાની આસપાસ સર્જાયેલા આ અકસ્માત બાદ બંને વાહનોમાં આગ લાગી ગઈ હતી. જેના કારણે આ વ્યસ્ત એક્સપ્રેસવે પર વાહનવ્યવહાર ખોરવાયો હતો. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, એક્સપ્રેસવે પર ઈથેનોલ લઈ જતું એક કન્ટેનર ટ્રક ઇન્ટરચેન્જ આઈસી-80 પાસે પલટી ગયું હતું. જ્યારે અન્ય એક લેન ચાલુ હતી, ત્યારે રસ્તા પર ઊભેલી એક કારને પાછળથી એક ટ્રકે ટક્કર મારી હતી અને બંને વાહનોમાં આગ લાગી ગઈ હતી. આ અકસ્માતમાં કારમાં સવાર ચાર મુસાફરો અને ટ્રકમાં સવાર ડ્રાઇવર સહિત બે લોકોનાં મોત થયાં છે. હાઈવે સેફ્ટી પેટ્રોલ, વર્ધા પોલીસ, ફાયર બ્રિગેડ અને મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશનની ટીમો બચાવ અને ટ્રાફિક પુનઃસ્થાપિત કરવાની કામગીરી માટે ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પલટી ગયેલા કન્ટેનરમાં અત્યંત જ્વલનશીલ ઈથેનોલ હોવાથી તેને સલામત રીતે હટાવતા પહેલા ખાલી કરવું જરૂરી હતું. જાહેર સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે અત્યંત સાવચેતીપૂર્વક કામગીરી ચાલી રહી હતી.